https://universitynews.in

Seat No. : ___________

# M.Ed. Sem.-I

Dec. 2016

## MED0C-101

## Fundamental Concepts of Educational Research

Time : 3 Hours [Max. Marks : 70]

સૂચના (૧) બધા જ પ્રશ્નો ફરજીયાત છે.

(૨) દરેક પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલા અંક તેના કુલ ગુણ દર્શાવે છે.

### વિભાગ - ૧

1 નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૭૫૦ શબ્દોમાં ઉત્તર લખો. 20

1. શૈક્ષણિક સંશોધનના વિશિષ્ટ લક્ષણો જણાવો અને શૈક્ષણિક સંશોધનને અવરોધતા પરિબળોની ચર્ચા કરો.
2. ક્રિયાત્મક સંશોધનની લાક્ષણિકતાઓ જણાવો. ક્રિયાત્મક સંશોધન અને મૂળભૂત સંશોધન વચ્ચેનો તફાવત સોદાહરણ સ્પષ્ટ કરો.
3. "ગોધરા શહેરની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં કમ્પ્યુટર શિક્ષણની જાગૃતતા અંગેનો અભ્યાસ" આ વિષય માટેના સંશોધન પ્રસ્તાવ નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને ચર્ચો.

   (૧) હેતુઓ (૨) નમૂનો (૩) સંશોધન પદ્ધતિ

2 (અ) નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૧૨૫ શબ્દોમાં ઉત્તર લખો. 10

1. શૈક્ષણિક સંશોધનમાં સંબંધિત સાહિત્યની સમીક્ષાની શી અગત્ય છે ?
2. શિક્ષકોને સંશોધનનો અનુભવ જરૂરી છે ? શા માટે ?
3. "સંશોધન અહેવાલ લેખન કૌશલ્ય માંગી લે છે." સંશોધન અહેવાલ લખવામાં થતી ભૂલોના સંદર્ભમાં વિધાનની ચર્ચા કરો.

https://universitynews.in

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (બધા જ ફરજીયાત છે.) 05

1. ચલના પ્રકારોના નામ આપો.
2. શૈક્ષણિક સંશોધનની કોઇ એક વ્યાખ્યા આપો.
3. વ્યવહારિક સંશોધન એટલે શું ?
4. શૈક્ષણિક સંશોધનની કોઇપણ બે આચારસંહિતા જણાવો.
5. સંશોધનની કોઇપણ બે પધ્ધતિઓના નામ આપો.

## વિભાગ - ૨

3 નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૭૫૦ શબ્દોમાં ઉત્તર લખો. 20

1. સંશોધન સમસ્યા પસંદગીનું મહત્ત્વ જણાવી, સારી સંશોધન સમસ્યાનાં લક્ષણો જણાવો.
2. નમૂના પસંદગીની પ્રયુક્તિઓ જણાવો. સંભાવનાયુકત નમૂના પસંદગીના પ્રકારોની સોદાહરણ ચર્ચા કરો.
3. સંશોધન સમસ્યાના સ્રોતો જણાવી, તેની વિગતે ચર્ચા કરો.

4 (અ) નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૧૨૫ શબ્દોમાં ઉત્તર લખો. 10

1. નમૂના પસંદગીમાં અવારનવાર થતી ભૂલોની ચર્ચા કરો.
2. યાદચ્છિક નમૂના પસંદગીના ફાયદા જણાવો.
3. સમસ્યાનું સીમાંકન એટલે શું ? તે ઉદાહરણ સાથે સમજાવો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (બધા જ ફરજીયાત છે.) 05

1. વ્યાપવિશ્વ એટલે શું ?
2. સહેતુક નમૂના પસંદગીનો અર્થ જણાવો.
3. ઉત્કલ્પનાના પ્રકારો જણાવો.
4. સંશોધન સમસ્યા પસંદ કરવાના બે માપદંડ જણાવો.
5. ઉત્કલ્પનાનો અર્થ જણાવો.

https://universitynews.in

https://universitynews.in

Seat No. : ___________

# M.Ed. Sem.-I

Dec. 2016

MED0C - 102

## Psychology of Learning and Development

Time : 3 Hours [Max. Marks : 70]

સૂચના (૧) બધા જ પ્રશ્નો ફરજીયાત છે.

(૨) દરેક પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલા અંક તેના કુલ ગુણ દર્શાવે છે.

### વિભાગ - ૧

1 નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૭૫૦ શબ્દોમાં ઉત્તર લખો. 20

1. વિકાસ એટલે શું ? "તારૂણ્ય દરમ્યાન વ્યક્તિના વિકાસ પરસ્પર એકબીજા સાથે ઓતપ્રોત થયેલા છે." આ વિધાનના સમર્થનમાં ચર્ચા કરો.
2. પિયાજેનો બોધાત્મક વિકાસનો અર્થ સ્પષ્ટ કરો. પિયાજેના બોધાત્કમ વિકાસના તબક્કા જણાવી તેની લાક્ષણિકતાની ચર્ચા કરો.
3. માનવ વિકાસના સંદર્ભમાં પંચકોષની ભૂમિકા સમજાવો.

2 (અ) નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૧૨૫ શબ્દોમાં ઉત્તર લખો. 10

1. "એરિકસન વિકાસની જે અવસ્થાઓ જણાવે છે તે ફ્રોઇડે જણાવેલ અવસ્થાઓમાં વધારો સૂચવે છે." આ વિધાનની યથાર્થતા ચકાસો.
2. વિકાસના સિદ્ધાંતો સમજાવો.
3. મેસલૉના મતે અધ્યેતાની જરૂરિયાતો સમજાવો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (બધા જ ફરજીયાત છે.) 05

1. "વિકાસની બધી અવસ્થાઓમાં બાળકની પ્રતિક્રિયાઓ વિશિષ્ટ થતાં પહેલાં સામાન્ય પ્રકારની હોય છે." આ કથનને સ્પષ્ટ કરો.

https://universitynews.in

https://universitynews.in

2. ગીલફર્ડે જણાવેલી બૌદ્ધિક વિકાસની શક્તિઓ જણાવો.
3. બાળકના જીવનની કઇ અવસ્થામાં શારીરિક વૃદ્ધિ સૌથી વધુ હોય છે ?
4. અધ્યયન પર અસર કરતાં ભાવાત્મક ઘટકો જણાવો.
5. અધ્યયન પ્રક્રિયા એટલે શું ?

## વિભાગ - ૨

3 નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૭૫૦ શબ્દોમાં ઉત્તર લખો. 20

1. પાવલોવ અને સ્કીનર ઉત્તેજક પ્રતિચારની અધ્યયન વિચારધારામાં કઇ કઇ વિગતોથી જુદા પડે છે ? મુદ્દાસર સમજાવો.
2. અધ્યયન અને પ્રેરણા વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી વિદ્યાર્થીઓના અધ્યયનને અભિપ્રેરિત કરવાના માર્ગો સૂચવો.
3. ૨૧મી સદીના અધ્યેતાઓની ક્ષમતાઓ વર્ણવો.

4 (અ) નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૧૨૫ શબ્દોમાં ઉત્તર લખો. 10

1. અધિબોધ અધ્યયનની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. ગેનેના અધ્યયન સિદ્ધાંતનો ઉપયોગ તમે વર્ગખંડમાં કઇ રીતે કરશો ?
3. સહઅધ્યયનની સ્વજાગૃતિનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (બધા જ ફરજીયાત છે.) 05

1. શિક્ષકે વર્ગખંડમાં આગવી અધ્યાપન શૈલીઓ કેમ વિકસાવવી જોઇએ ?
2. પીયાજેના મતે આરેખ, પરીપાચનનો અર્થ આપો.
3. સર્વાંગીણ વિકાસ માટેના બે અષ્ટાંગ માર્ગો જણાવો.
4. અધ્યયનના બોધાત્મક વિચારધારા સાથે સંબંધ ધરાવતા મનોવૈજ્ઞાનિકોના નામ આપો.
5. બાળકોના વિકાસના સંદર્ભમાં વૉટ્સને કયું ખ્યાતનામ વિધાન કર્યું હતું ?

https://universitynews.in

https://universitynews.in

Seat No. : ___________

# M.Ed. Sem.-I

Dec. 2016

MED0C - 103

## Educational Studies

Time : 3 Hours [Max. Marks : 70]

સૂચના (૧) બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
(૨) દરેક પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલા અંક તેના કુલ ગુણ દર્શાવે છે.

૧ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઇપણ પ્રશ્નોના ઉત્તર આશરે ૭૫૦ શબ્દોમાં લખો. ૨૦
(૧) પરાવિદ્યા અને અપરાવિદ્યા વિશે વિગતે સમજાવો.
(૨) શૈક્ષણિક તત્ત્વજ્ઞાનની વ્યાખ્યા આપી, તેની મુખ્ય હેતુઓની ચર્ચા કરો.
(૩) ભારતીય તત્ત્વજ્ઞાન અને પશ્ચિમના તત્ત્વજ્ઞાનની સમજૂતી આપો અને તફાવતોની ચર્ચા કરો.

૨ (અ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નના ઉત્તર આશરે ૧૨૫ શબ્દોમાં લખો. ૧૦
(૧) શૈક્ષણિક સમાજશાસ્ત્રની સમજૂતી આપો અને સમકાલીન ભારતીય સમાજમાં પરિવર્તન અંગે તમારા અવલોકનો નોંધો.
(૨) શૈક્ષણિક સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર સમજાવો.
(૩) શિક્ષણ અને તત્ત્વવજ્ઞાન વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. ૫
(૧) કોઇપણ ત્રણ શૈક્ષણિક મૂલ્યો જણાવો.
(૨) ૨૧મી સદીના શિક્ષકની 'પ્રગત ભૂમિકા' એટલે શું ?
(૩) પાશ્ચાત્ય તત્વજ્ઞાનની મુખ્ય ત્રણ શાખાઓ જણાવો.
(૪) શૈક્ષણિક ટેકનોલોજીનો અર્થ સમજાવો.
(૫) શૈક્ષણિક સમાજશાસ્ત્રની કોઇપણ એક વ્યાખ્યા લખો.

૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નના ઉત્તર આશરે ૭૫૦ શબ્દોમાં લખો. ૨૦
(૧) ટૂંકનોંધ લખો. (અ) ઉદારીકરણ (બ) વૈશ્વિકરણ
(૨) ખાનગીકરણના લાભાલાભની ચર્ચા કરો.
(૩) 'ઉપનિષદ્' એટલે શું ? મુખ્ય ઉપનિષદોનો સંદેશ જણાવો.

૪ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નના ઉત્તર આશરે ૧૨૫ શબ્દોમાં લખો. ૧૦
(૧) ઉપનિષદ્કાલ દરમ્યાન 'અધ્યાપન પદ્ધતિઓ' ની સમજૂતી આપો.
(૨) NCF ૨૦૦૫ની શૈક્ષણિક વિચારણા સમજાવો.
(૩) અબ્રાહમ લિંકને પુત્રને લખેલ પત્રનો સારાંશ રજૂ કરો.

(બ) નીચે આપેલ પ્રશ્નના ઉત્તર ટૂંકમાં લખો. ૫
(૧) 'NCTE' નું પૂર્ણરૂપ જણાવો.
(૨) મુખ્ય ઉપનિષદોમાં પ્રથમ ઉપનિષદનું નામ જણાવો.
(૩) લોકશાહી શિક્ષણના કોઇપણ બે પડકારો જણાવો.
(૪) ઔધોગિક સમાજના કોઇપણ ત્રણ લક્ષણો જણાવો.
(૫) તૈત્તિરિય ઉપનિષદ્ના કોઇપણ ત્રણ મંત્રો લખો.

https://universitynews.in

https://universitynews.in

Seat No. : ___________

# M.Ed. Sem.-I

Dec. 2016

MED0C - 104

# Educational Measurement & Evaluation

Time : 3 Hours [Max. Marks : 70]

સૂચના (૧) બધા જ પ્રશ્નો ફરજીયાત છે.

(૨) દરેક પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલા અંક તેના કુલ ગુણ દર્શાવે છે.

https://universitynews.in

## વિભાગ - ૧

1 નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૭૫૦ શબ્દોમાં ઉત્તર લખો. 20

1. મૂલ્યાંકન એટલે શું ? તે માપનથી કઇ રીતે જુદું પડે છે ? મૂલ્યાંકનના કાર્યો વર્ણવો.
2. "વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક ક્ષેત્રના વિકાસ માટેનું અધ્યાપન 'પુનઃ સ્મરણ' થી શરૂ થાય છે અને 'મૂલ્ય અંક'ને અટકે છે." - આ વિધાન સમજાવો તથા જ્ઞાનાત્મક ક્ષેત્રના વિશિષ્ટ હેતુઓ લખો.
3. "પરંપરાગત પરીક્ષા કરતાં ઓનલાઇન પરીક્ષા પદ્ધતિ વધુ ફળદાયી છે." - આ વિધાનના સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા કરો.

2 (અ) નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૧૨૫ શબ્દોમાં ઉત્તર લખો. 10

1. "વિદ્યાર્થીઓના વર્તન - વ્યવહાર સાથે જ્ઞાનાત્મક, ભાવાત્મક અને મનોક્રિયાત્મક પાસાઓ પરસ્પર એકબીજા સાથે ઓતપ્રોત થયેલા છે." આ વિધાનના સમર્થનમાં ચર્ચા કરો.
2. મૂલ્યાંકન પ્રક્રિયાના વિવિધ સિદ્ધાંતો જણાવો અને ગમે તે બે સિદ્ધાંતની ચર્ચા કરો.
3. ભાવાત્મકક્ષેત્રના વિશિષ્ટ હેતુઓ લખો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (બધા જ ફરજીયાત છે.) 05

1. માપન એટલે શું ?
2. 'પુસ્તક સાથે પરીક્ષા' ની સંકલ્પના સ્પષ્ટ કરો.
3. મૂલ્યાંકન હેતુઓને આધારે પરીક્ષાના પ્રકાર જણાવો.

https://universitynews.in

4. સતત સર્વાંગીણ મૂલ્યાંકનમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

5. બ્લૂમ ટેકસોનોમી પ્રમાણે નીચેના ઘટકોને જ્ઞાનાત્મક, ભાવાત્મક અને મનોક્રિયાત્મક પાસામાં વર્ગીકરણ કરો.

ધ્યાન, પ્રત્યાસ્મરણ, સંશ્લેષણ, ચારિત્ર્ય, નિર્માણ, ટેવ અને કૌશલ્ય, નિયંત્રણ, વિશ્લેષણ ઉપયોજન, પ્રત્યાચાર, સ્વાભાવિકરણ

## વિભાગ - ૨

3 નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૭૫૦ શબ્દોમાં ઉત્તર લખો. 20

1. મૂલક સંદર્ભ કસોટી એટલે શું ? મૂલક સંદર્ભ કસોટીની રચનાના સોપાનો લખો.
2. a) ગ્રેડીંગની સંકલ્પના સ્પષ્ટ કરી, તેની પ્રક્રિયા વર્ણવો.
   b) વિકાસાત્મક મૂલ્યાંકનનો ખ્યાલ સ્પષ્ટ કરો.
3. માનાંક સંદર્ભ કસોટીની કલમ પૃથ્થકરણની પ્રક્રિયા સમજાવો.

4 (અ) નીચેના ત્રણ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના આશરે ૧૨૫ શબ્દોમાં ઉત્તર લખો. 10

1. સેમેસ્ટર પદ્ધતિનો ખ્યાલ સ્પષ્ટ કરો અને તેના ગુણદોષ જણાવો.
2. પ્રશ્નબેંક એટલે શું ? તેના સોપાનો જણાવો.
3. "શૈક્ષણિક મૂલ્યાંકન એ વિદ્યાર્થીની સિદ્ધિની તપાસ પ્રક્રિયા છે." આ વિધાનના સમર્થનમાં ચર્ચા કરો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (બધા જ ફરજીયાત છે.) 05

1. વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિએ માપનનો કયો પ્રકાર છે ?
2. નિદાન મૂલ્યાંકન ક્યારે હાથ ધરી શકાય ?
3. નીચેની માહિતીના આધારે દરેક કલમનું તારવણી મૂલ્ય ગણો.

| Item | n | U. 27% | L. 27% |
|---|---|---|---|
| X | 200 | 65 | 42 |
| Y | 70 | 32 | 18 |

4. પર્સન્ટાઇલ રેન્કનો ખ્યાલ ઉદાહરણ દ્વારા આપો.
5. મૂલ્યાંકનમાં કમ્પ્યુટરનો ઉપયોગ જણાવો.

https://Universitynews.in